DATE :- 15-05-2026

GUJARAT SAMACHAR, PAGE-02, SURAT



સુરતમાં મેટ્રો રેલ પ્રોજેક્ટની ૭૫ ટકા કામગીરી પૂર્ણ થઈ છે. અગાઉ અલથાણ રૂટ પર ટ્રાયલ રન બાદ ગુરુવારે ભેંસાણથી સ્ટારબજાર ના ઈસ્ટ-વેસ્ટ કોરીડોર-૨ ઉપર મેટ્રોની ટ્રાયલ યોજાઈ હતી.

# સુરતમાં મેટ્રોની ૭૫ ટકા કામગીરી પૂર્ણ : ભેંસાણથી સ્ટારબજાર ટ્રાયલ રન

(પ્રતિનિધિ દ્વારા) સુરત,ગુરુવાર

સુરતમાં સૌથી મહત્વકાંક્ષી પ્રોજેક્ટ મેટ્રો ટ્રેનનો આજે બીજો ટ્રાયલ રન શરૂ કરવામાં આવ્યો છે. કોરિડોર બે અંતર્ગત ૭ સ્ટેશનોનું કામ પૂર્ણ થતા આજે ભેસાણથી સ્ટાર બજાર સુધીનો મેટ્રોનો ટ્રાયલ રન કરવામાં આવ્યો હતો. આ પહેલા ભટાર ચાર રસ્તા, અલથાણ ખાતે નો પ્રથમ વખત ટ્રાયલ રન કરવામાં આવ્યો હતો.

## ઈસ્ટ-વેસ્ટ કોરિડોર-૨ અંતર્ગત ૭ સ્ટેશનોના સ્ટ્રક્ચરનું કામ પૂર્ણ થતા બીજી ટ્રાયલ શરૂ કરાઈ

સુરત મેટ્રો પ્રોજેક્ટના ૨ કોરિડોરં અંતર્ગત કુલ ૪૦.૩૫ કિ.મી. લંબાઈના રૂ.૧૨,૦૨૦ કરોડના પ્રોજેક્ટની કામગીરી પ્રગતિમાં છે. આ પ્રોજેક્ટમાં કુલ ૩૮ સ્ટેશનો તેમજ ૨ ડેપો (ડ્રીમ સિટી ડેપો અને ભેસાણ ડેપો)નો સમાવેશ થાય છે. અત્યાર સુધીમાં પ્રોજેક્ટની અંદાજે ૭૫% થી વધુ કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે.

સુરત મેટ્રો પ્રોજેક્ટના કોરિડોર-૧ (નોર્થ-સાઉથ કોરિડોર) અંતર્ગત ડ્રીમ સિટીથી અલથાણ ટેનામેન્ટ સ્ટેશન વચ્ચેના ૮.૫ કિમી તથા ૭ સ્ટેશનો પર ટ્રાયલ રન કામગીરી તા.૨૯ માર્ચ, ૨૦૨૬થી શરૂ કરવામાં આવી હતી અને હાલમાં ટ્રાયલ રન સાથે વિવિધ ચકાસણી અને પરીક્ષણ પ્રક્રિયા ર્ઈભ તથા GMRC દ્વારા પ્રગતિમાં છે.

તે જ રીતે હવે કોરિડોર-૨ (ઈસ્ટ-વેસ્ટ કોરિડોર) અંતર્ગત ૬.૫ કિમી તથા ૭ સ્ટેશનોના સ્ટ્રક્ચરનું કામ પૂર્ણ થઈ ચુકી છે અને તેના ટ્રાયલ આજથી શરૂ કરવામાં આવી છે. આ ટ્રાયલ પ્રક્રિયા દરમિયાન ટ્રેન રનીંગ આશરે ૫૦૦ કલાક સુધી કરવામાં આવતું હોય છે તેમજ તેની વિવિધ ચકાસણીઓ GEC તથા GMRC દ્વારા કરવામાં આવશે, ત્યારબાદ RDSO તથા અન્ય રેગ્યુલેટરી સંસ્થાઓ દ્વારા પણ જરૂરી ચકાસણીઓ હાથ ધરવામાં આવ્યા બાદ ભસ્ઈજી દ્વારા અંતિમ સુરક્ષા નિરીક્ષણ અને મંજૂરી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.